# સુરતના આવા હાલ ક્યારેય નથી થયા


ગોટાલાવાડી ચાર રસ્તા


અડાજણ પાટિયા, ધનમોરા


ઇન્દરપુરા ગધેવાન


વરાછા પોલીસ સ્ટેશન


રૂપાલી નહેર, ભટાર


ચૌટાબજાર


સિટીલાઇટ રોડ, ઓપેરા હાઉસ


ઝાપાબજાર


■ સુરતમાં ચારના ટકોરે જ અચાનક વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ શરૂ થઇ ગયો હતો. એવું નથી કે સુરતે આટલી તિવ્રતાનો વરસાદ ભૂતકાળમાં જોયો નથી. પરંતુ હાલમાં 10,000 કરોડનું બજેટ જેમના હાથોમાં છે, તેમની અણઆવડતના કારણે આખું સુરત જ ડૂબી ગયું હતું. સુરતના આવા હાલ ક્યારેય નથી થયા. પદાધિકારીઓ અને અધિકારીઓમાંથી કોઇ પણ નૈતિક જવાબદારી સ્વીકારીને રાજીનામું આપે તેવી સ્વપ્ન જોવા જેવી વાત અહીં કરવી નથી. પરંતુ કમસે કમ બીજી વખત સુરતના આવા હાલ નહીં થાય તેની તો ખાતરી આપવી જ પડશે. **(તસવીર : હેમંત ડેરે, સતીષ જાદવ)**

# ભેદવાદ ખાડીએ ભયજનક સપાટી વટાવી

## સેન્ટ્રલ અને કતારગામ ઝોનમાં બે કલાકમાં ચાર ઈંચ જ્યારે વરાછા બી ઝોનમાં 24 કલાકમાં છ ઈંચ વરસાદ

સુરતઃ છેલ્લા પાંચ દિવસથી સતત સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ધીમીધારે વરસાદ વરસી રહ્યો છે અને ક્યારેક હળવાથી ભારે ઝાપટાઓ પણ પડી રહ્યા છે. આ દરમિયાન ગતરોજ હવામાન વિભાગ દ્વારા સુરત શહેર સહિત જિલ્લામાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી.

હવામાન વિભાગની આગાહી મુજબ સુરત શહેરમાં સાંજે 4:30 વાગ્યે અચાનક જ ગાજવીજ અને વીજળીના કડાકા ભડાકા સાથે ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. શહેરમાં માત્ર બે કલાકમાં પડેલા ચાર ઈંચ વરસાદના કારણે અત્ર તત્ર સર્વત્ર પાણી પાણી થઈ ગયું હતું. વિતેલા 24 કલાક દરમિયાન સૌથી વધુ વરાછા બી ઝોનમાં છ ઈંચ વરસાદ નોંધાયો હતો જ્યારે સેન્ટ્રલ અને કતારગામ ઝોનમાં પાંચ ઈંચ વરસાદ પડ્યો હતો.



### ખાડીનાં લેવલ (મીટરમાં)

| ખાડી | હાલ લેવલ | ભયજનક સપાટી |
|---|---|---|
| કાકરા | 5.05 | 8.48 |
| ભેદવાડ | 7.70 | 7.20 |
| મીઠી ખાડી | 7.50 | 9.35 |
| ભાઠેના | 6.90 | 8.25 |
| સિમાડા | 3.70 | 4.05 |

### સાંજે 4 થી 6 ની વચ્ચે પડેલા વરસાદના આંકડા

સેન્ટ્રલ ઝોન : 105 મી.મી
રાંદેર ઝોન : 63 મી.મી
કતારગામ ઝોન : 96 મી.મી
વરાછા ઝોન એ : 30 મી.મી
વરાછા ઝોન બી : 18 મી.મી
લિંબાયત ઝોન : 58 મી.મી
અઠવા ઝોન : 24 મી.મી
ઉધના ઝોન એ : 22 મી.મી
સરેરાશ : 52 મી.મી

### સવારે 6 થી રાત્રે 8 ના વરસાદના આંકડા

| ઝોન | વરસાદ (મીમીમા) |
|---|---|
| સેન્ટ્રલ | 121 |
| રાંદેર | 77 |
| કતારગામ | 125 |
| વરાછા એ | 78 |
| વરાછા બી | 144 |
| લિંબાયત | 103 |
| અઠવા | 39 |
| ઉધના | 118 |

### શહેરમાં કુલ 31 જગ્યાએ પાણી ભરવાની ફરિયાદો કંટ્રોલ રૂમમાં નોંધાઈ

- સેન્ટ્રલઝોનમાં મહિધરપુરાના ગલેમંડી ચાર રસ્તા ખાતે તથા મોટી શેરી સહિત મુખ્ય રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા. આ ઉપરાંત આઈપી મિશન સ્કૂલ, હોડી બંગલા, એસએમસી શાક માર્કેટ, ગોપીપુરા સુભાષ ચોક.
- લિંબાયતઝોનમાં ડીંડોલીના રામી પાર્કમાં, ઓમનગર અને યોગેશ્વર પાર્ક ખાતે પાણી ભરાયા હતા. અઠવા ઝોનમાં ઉમરાવ બેકારી અઠવાગેટ, ત્રિશલા એપાર્ટ. પાર્લેપોઈન્ટ ખાતે પાણી ભરાતાં તંત્ર દોડતું થયું હતું.
- વરાછા બી ઝોનમાં વોર્ડ ઓફિસ પાસે ખોડિયાર માતા મંદિર પાસે નવા હળપતિવાસ પાસે,
- વરાછા ઝોન એમાં સહારા દરવાજા ગરનાળું, ખોડિયાર નગર નવાગામ ખાતે પાણી ભરાયા હતા.
- કતારગામ ઝોનમાં સૌથી વધુ 17 જગ્યાએ પાણી ભરવાના કોલ કંટ્રોલ રૂમમાં મળ્યા હતા. જેમાં બેંક ઓફ બરોડા મહેતા પેટ્રોલ પંપ, રામજીનગર નાની બહુચરાજી માતાના મંદિર પાસે, હરિદર્શન ખાડો, લક્ષ્મીનગર સોસાયટી કતારગામ રોડ, તૃપ્તિ ઇન્ડ્રસ્ટીઝ વેડરોડ, કુંભાર ફળિયું અશ્વનીકુમાર ફુલપાડા, પૂજા હોસ્પિટલ કતારગામ દરવાજા, નવી જીઆઇડીસી કતારગામ, અક્ષર બાળકોની હોસ્પિટલ પીપલ્સ ચાર રસ્તા, શ્રુષ્ટિ સોસાયટી કતારગામ, અલકાપુરી સુમુલડેરી રોડ, કતારગામના નારાયણનગર, વેડરોડ, નગીનાવાડી કિરણ હોસ્પિટલ, કાસા નાગર ત્રણ રસ્તા, ગોટાલાવાડી ચાર રસ્તા, લક્ષ્મીનારાયણ સોસાયટી લક્ષ્મીકાંત આશ્રમ રોડ પર પાણી ભરાયા હતા.
- અઠવા ઝોનમાં ભટાર જમનાનગર, ભટાર ચાર રસ્તા, ઘોડ દોડ રોડ, સીટીલાઇટ, ભગવાન મહાવીર કોલેજની આસપાસના વિસ્તારોમાં પાણી ભરાયા હતા.
- રાંદેર ઝોનમાં અડાજણ, એલ.પી સવાણી સર્કલ, રાંદેર મેઈન રોડ, પાલ, આનંદ મહેલ રોડ, અડાજણ ગામમાં પાણી ભરાયા હતા.

### સલાબતપુરા જળબંબાકાર, મનપા દ્વારા તાબડતોબ કામગીરી કરાઈ

શહેરના સલાબતપુરા વિસ્તારમાં આવેલા સપ્તશૃંગી માતાના મંદિર પાસેનો વિસ્તાર ફરી એકવાર આ વરસાદમાં જળબંબાકાર થઈ ગયો હતો અને ત્યાં વાહન વ્યવહાર સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયો હતો. પાણી ભરાયેલા વિસ્તારોમાંથી નિકાલ ઝડપથી થાય તે માટે મનપા દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી હતી, છતાં અનેક સ્થળોએ લાંબા સમય સુધી પાણી ભરાયેલા રહેતાં સ્થાનિકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી.

### પાણી ભરાતા લોકોને એકથી બે કલાક લાંબા ચકરાવા કાપવા પડ્યા

અડાજણ, તળ સુરત અને વરાછા સહિતના મુખ્ય વિસ્તારોમાં ભારે જળબંબાકારની સ્થિતિ સર્જાતા વાહનચાલકોને માત્ર પાંચ કિલોમીટર જેટલું અંતર કાપવા માટે પણ એકથી બે કલાક સુધી ચકરાવો મારવાની નોબત આવી હતી. ઠેરઠેર પાણી ભરાઈ જવાને કારણે એસ.ટી. અને સિટી બસો રસ્તામાં જ બંધ પડી ગઈ હતી, જ્યારે રિક્ષાઓના પૈડાં પણ થંભી ગયા હતા, જેને લીધે હજારો મુસાફરો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. આ વાહનવ્યવહારની કટોકટી વચ્ચે મજૂરાગેટ જૂની આરટીઓ સામે એક બીઆરટીએસ બસ કાચા રસ્તા પર ઉતરી જતાં ફસાઈ ગઈ હતી, જેના કારણે આસપાસના વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા વધુ વકરી હતી.

### ગરનાળા પાણીમાં ગરકાવ થતાં સ્ટેશનથી આવેલા મુસાફરો અટવાયાં

2 કલાકના વરસાદમાં જ વરાછા ગરનાળા, સહારા દરવાજા ગરનાળા અને ઉધના-લિંબાયત રેલ્વે ગરનાળા સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગયા હતા.શહેરમાં પૂર જેવી સ્થિતિ વચ્ચે 100 વધારે નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા, જ્યાં કેટલેક ઠેકાણે બે કલાક સુધી પાણી ભરાયેલા રહ્યા હતા. વરાછાને જોડતા રેલવે સ્ટેશન આસપાસના ગરનાળાઓમાં કમર સુધીના પાણી ભરાઈ જવાને કારણે રેલવેના મુસાફરો પણ અધવચ્ચે અટવાઈ પડ્યા હતા. મુસાફરો અટવાતા રેલવે સ્ટેશન આસપાસ લાંબો સમય સુધી ટ્રાફિક જામ થયો હતો.

# ...નહીં થતી હોય તો SMCએ પ્રિમોન્સુન કામગીરી બંધ કરી દેવી જોઈએ

## શહેર આખું ડૂબી ગયું ત્યારે ગટરો અને ડ્રેનેજ ચેમ્બર ખોલી

સુરતઃ શહેરમાં સોમવારે સાંજે 4 થી 6 દરમિયાન ખાબકેલા તોફાની વરસાદે મનપા પ્રશાસનના પ્રિ-મોન્સુન કામગીરીના મસમોટા દાવાઓના લીરેલીરા ઉડાડી દીધા હતા. સ્માર્ટ સિટીના હાઈટેક તંત્રની પોલ માત્ર બે જ કલાકના વરસાદમાં એવી રીતે છતી થઈ કે જાણે કરોડો રૂપિયાના ખર્ચે થયેલી કામગીરી પાણીમાં ધોવાઈ ગઈ હોય. વરસાદનું જોર ઘટ્યા બાદ પણ કલાકો સુધી શહેરના હાર્દ સમાન વિસ્તારો અને મોટા ભાગના રસ્તાઓ ઘૂંટણસમા પાણીમાં ગરકાવ રહ્યા હતા, થોડા કલાકો માટે શહેરનો વાહન વ્યવહાર થંભી ગયો હતો અને લાખો કરદાતા નાગરિકો જીવના જોખમે રસ્તાઓ પર નદી જેવા વહેણમાં વાહનો હંકારવા મજબૂર બન્યા હતા. સેંકડો વાહનો રસ્તાની વચ્ચે જ બંધ પડી જતાં લોકો રઝળી પડ્યા હતા અને કલાકો સુધી ટ્રાફિક જામમાં ફસાયેલા રહ્યા હતા. દર વર્ષે ચોમાસા પહેલા મનપા દ્વારા સફાઈ અને લાઈન બ્લોકેજના નામે મીટિંગોના જે દોર ચલાવવામાં આવે છે, તેનું વાસ્તવિક પરિણામ સુરતીઓએ ભોગવવું પડ્યું હતું.

સૌથી શરમજનક બાબત એ છે કે જ્યારે મોટા ભાગનું શહેર પાણી પાણી હતું, ત્યારે કુંભકર્ણની નિદ્રામાંથી જાગેલા તંત્રએ ઠેર-ઠેર ગટરો અને ડ્રેનેજ ચેમ્બરો ખોલીને પાણી ઉતારવાની કવાયત હાથ ધરીને સંતોષ માની લીધો હતો. મોડી રાત સુધી અધિકારીઓ અને કર્મચારીઓએ રસ્તા પર ઉતરીને પાણી ઉતારવા માટે જહેમત કરવી પડી હતી. માત્ર રાત્રે કેમેરા સામે ફોટો પડાવવા કે બેરીકેટીંગ કરી દેવાથી નાગરિકોની હાલાકી ઓછી થતી નથી. સામાન્ય ચોમાસાની શરૂઆતમાં જ જો ડ્રેનેજ સિસ્ટમ આ રીતે ચોક-અપ થઈ જતી હોય, તો આગામી દિવસોમાં ભારે વરસાદની આગાહી વચ્ચે સુરતની સ્થિતિ કેવી થશે તે વિચારી શકાય તેમ છે.

## સુરતમાં 20થી વધુ વૃક્ષો ધરાશાય

સુરતઃ શહેરભરમાં ધોધમાર વરસાદના કારણે વિવિધ વિસ્તારોમાં 20થી વધુ વૃક્ષો ધરાશાય થતાં ફાયર બ્રિગેડની ટીમો દિવસભર બચાવ અને રાહત કામગીરીમાં વ્યસ્ત રહી હતી. અનેક સ્થળોએ વૃક્ષો રસ્તા પર પડતાં વાહન વ્યવહાર ખોરવાયો હતો, જ્યારે કેટલાક બનાવોમાં વાહનોને પણ ભારે નુકસાન થયું હતું.

ફાયર કંટ્રોલ રૂમને મળેલી માહિતી અનુસાર વરાછા ઝોનના એ અને બી વિભાગમાં આવેલી ભગવતીનગર સોસાયટી, બોમ્બે માર્કેટ, વસંત ભીખાની વાડી તેમજ વેલંજા સ્થિત અબ્રામા ચોકડી નજીક વૃક્ષો ધરાશાય થયા હતા. અઠવા ઝોનમાં ઉધના-મગદલ્લા રોડ પર આવેલી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી નજીક, ઉમાભવન વૈષ્ણોદેવી મંદિર પાસે, ઘોડદોડ રોડ, અંબાનગર સોસાયટી, નવજીવન સર્કલ, ઈન્ડોર સ્ટેડિયમ તથા ગોકુલમ ડેરી નજીક વૃક્ષો પડતાં ટ્રાફિકની સમસ્યા સર્જાઈ હતી. સેન્ટ્રલ ઝોનમાં લાલગેટ પોલીસ સ્ટેશન નજીક એક મોટું વૃક્ષ ધરાશાય થયું હતું. કતારગામ ઝોનમાં સુમુલ ડેરી અને વેડ દરવાજા વિસ્તારમાં વૃક્ષો પડવાની ઘટનાઓ નોંધાઈ હતી. બીજી તરફ રાંદેર ઝોનમાં સૌથી વધુ છ જેટલા વૃક્ષો ધરાશાય થયા હતા.

## ફાયર ટીમે વરાછા- પરવટ ગામમાં વિદ્યાર્થીઓ સહિત 59ના જીવ બચાવ્યાં



### ખાંડબજાર ગરનાળા પાસે સર્વોદય બેંકમાંથી કર્મચારી સહિત 40, પરવટ ગામની શાળામાંથી 12 વિદ્યાર્થી સહિત 19નું રેસ્ક્યૂ

સુરતઃ વરાછા વિસ્તારમાં આવેલા પોદ્દાર આર્કેડ નજીકના ગરનાળામાં અચાનક 4 ફૂટ જેટલાં પાણી ભરાઈ ગયાં હતાં. ગરનાળાની બાજુમાં જ આવેલી સર્વોદય બેંકમાં પાણી ઘૂસી જવાની અને માર્ગ બંધ થઈ જવાની સ્થિતિ ઊભી થતાં ગ્રાહકો અને સ્ટાફ મળી 40 લોકોને ફાયરની ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને સુરક્ષિત બહાર કાઢીને સફળ રેસ્ક્યુ ઓપરેશન પાર પાડ્યું હતું. તે ઉપરાંત પરવત ગામમાં મોર્ડન ટાઉન પાસે આવેલી મોર્ડન એક્સપરિમેન્ટલ સ્કૂલમાં સામે આવી હતી. શાળાની બહાર ચારેય બાજુ ભારે વરસાદી પાણી ભરાઈ જવાને કારણે પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી, જેને લીધે વિદ્યાર્થીઓ કે શિક્ષકો સ્કૂલની બહાર નીકળી શકે તેમ ન હતા. પરિસ્થિતિ વણસતાં શાળા પ્રશાસન દ્વારા તાત્કાલિક ફાયર વિભાગની મદદ માંગવામાં આવી હતી. ફાયર વિભાગે ત્વરિત કાર્યવાહી હાથ ધરીને શાળામાં ફસાયેલા 12 વિદ્યાર્થીઓ અને 7 શિક્ષકો મળીને કુલ 19 લોકોને સલામત રીતે ફાયરની ગાડીમાં બેસાડી સ્કૂલની બહાર કાઢ્યા હતા. વરાછા અને પરવત ગામમાં 59 લોકોને બચાવી લેવાયા હતા.